# <u>ક્ષત્રિયોના ગોત્ર</u>

ક્ષત્રિય વંશાવલી ઉપર ઘણા ઈતિહાસકરો અને વિદ્વાનોએ મતાંતર અથવા એક મત થઈ ને ઘણું બધું લખ્યું છે. પરંતુ ક્ષત્રિયોના ગોત્ર ઉપર ખાસ કોઇ વિશેષ ધ્યાન આપ્યું નથી. વસ્તુત: વંશાવલી અને ગોત્ર બન્ને એક સિક્કાની બે બાજુ છે. જેવી રીતે સિક્કાની બન્ને બાજુ સાચી હોય તો જ સિક્કાની કિંમત થાય છે. એક બાજુ ખોટી હોય તો પણ સિક્કાની કિંમત રહેતી નથી. એવી જ રીતે ક્ષત્રિયોનો ઈતિહાસ વંશાવલીથી પૂર્ણ થઈ જાય છે એવું નથી. આ માટે ગોત્ર ઉપર ખાસ ધ્યાન આપવું પડશે. એમાં ખાઅધ્યયનની આવશક્યતા છે.ક્ષત્રિય વંશાવલીની પ્રામાણિકતા તેના ગોત્રથી જ થાય છે. ક્ષત્રિયોના ગોત્ર આપણને પ્રાચીન ઋષિઓના સંતાન હોવાનું પ્રમાણિત કરે છે. પ્રાચીન ગ્રંથ મહાભારતમાં ઉલ્લેખ છે કે વિશ્વની શરૂઆતમાં ફકત ચાર જ ઋષિ હતા:- અંગીરા , કશ્યપ , વશિષ્ઠ અને ભૃગુ. આ ચાર ઋષિ ચાર મૂળ ગોત્ર કહેવામાં આવે છે.

“मूलगोत्राणि चत्वारि समूत्पनानि भारत:.

अंगीरा कश्यपश्चेन वशिष्ठों भृगुरेश्च”..

આ ચાર ઋષિયોથી જ આર્યોની ઉત્પતિ થઈ. ગોત્ર ઋષિ સપ્તર્ષિયો માંથી કોઇ એક અથવા તેમના પુત્ર અથવા વંશજ હોય છે. ભૃગુ ઋષિનુ નામ સપ્તર્ષિયો માં આવતુ નથી. પરંતુ તેમના વંશજ જમદગ્નિ નુ નામ આવે છે. તેવી જ રીતે અંગીરા ઋષિના સ્થાને તેમના બે પૌત્રો ભારદ્વાજ તથા ગૌતમ ઋષિઓના નામ આવે છે. અત્રિ અને વિશ્વામિત્ર પણ સપ્તર્ષિઓ છે.આવી રીતે અત્રિ , વિશ્વામિત્ર , ગૌતમ , ભારદ્વાજ , જમદગ્નિ , કશ્યપ , વશિષ્ઠ આ બધા સપ્તર્ષિઓ છે. આ સપ્તર્ષિઓમાં પછીથી અગસત્ય ઋષિનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. આ બધા ગોત્ર ઋષિઓ વેદોની જુદી જુદી શાખાઓ ના પ્રવર્તક હતા.ચન્દ્રવંશીઓ ના ગોત્ર અત્રિ છે. કારણ કે , આ ક્ષત્રિયો ચન્દ્રના સંતાન છે અને ચન્દ્ર અત્રિ ઋષિનું સંતાન છે. સૂર્યવંશીઓની ઉત્પતિ વાલી ઋષિઓથી થઈ. જે વંશ જે ઋષિનું સંતાન છે તે ઋષિ તે વંશનું ગોત્ર કહેવામાં

આવે છે. દા.ત. પરમાર વશિષ્ઠ ઋષિનું સંતાન છે . આથી તેમનુ ગોત્ર વશિષ્ઠ છે. વર્તમાન સમયમાં એક વંશ ના વંશજ અલગ-અલગ સ્થળોએ અલગ-અલગ ગોત્ર લખે છે. કેટલાય એવા વંશજ એવા છે કે જેમના ઉત્તર ભારતમાં અલગ તથા દક્ષિણ ભારતમાં ગોત્ર છે. પરંતુ તેઓ એક જ ઋષિના સંતાન છે. ક્યાંક કયાંક એક જ વંશ ની અનેક શાખાઓમાં અલગ – અલગ ગોત્ર જોવા મળે છે. ઉપરોકત પ્રશનોનો એક જ ઉત્તર છે.- ક્ષત્રિયો હજારો વર્ષો સુધી યુદ્ધમાં લિપ્ત રહ્યા. ઈ.સ. પૂર્વે તથા પછીના સમય દરમ્યાન સમગ્ર ભારત વિદેશી આક્રમણકારીઓ સામે ઝઝુમતો રહ્યો . મુસ્લિમ કાળ બધો જ સમય યુદ્ધકાળ કહેવામાં આવ્યો.આવાં ભીષણ આક્રમણો અને યુદ્ધમાં લિપ્ત રહેવાના કારણે ક્ષત્રિયો ને દેશ , ધર્મ , સંસકૃતિ તથા પોતાના જીવનનું રક્ષણ કરવાનું કઠણ થઈ ગયું. એને પુર્વવત સ્થિતિમાં લાવવાની સમસ્યા ઉત્તપન્ન થઈ. પરંતુ ત્યાં સુધી ઘણું મોડું થઈ ગયુ હતું .દેશ ,ધર્મ અને સંસ્કૃતિ ને યથાવત કરવાનું ન હતું .તથા દેશ , ધર્મ , સંસ્કૃતિ , ક્ષત્રિય વંશાવલી અને ગોત્ર પરંપરા ખુબજ ભૂલ ભૂલામણીમાં પડી ગયાં .આવી વિષમ પરિસ્થિતિમાં જે ક્ષત્રિયો વંશો ને પોતાના ગોત્ર અને પ્રવર થી અજાણ રહ્યા તેઓએ પોતાના પુરોહિતો ના ગોત્ર ઉચ્ચારણ કરવા લાગ્યા. જેવી રીતે-

**" अथ मेषां मंत्र कृतो न स्यूः .**

**स पुरोहित प्रवरास्ते प्रवृणीरन " .**

**प्रवर**- પ્રવર નો અર્થ –શ્રેષ્ઠ , વર્ણન કરવાલાયક અથવા આવાહન કરવા લાયક. વેદોમાં અગ્નિપૂજા ને ઘણું જ મહ્ત્વ આપવામાં આવ્યું છે. આ પૂજા ની સાથે એવા પૂર્વજ ઋષિયો ના કાર્યો નો ઉચ્ચારણ કરવામાં આવે છે કે જે અગ્નિ ને આવાહ્ન કરતા હતા. આથી હવન કરતી વખતે પોતાના પ્રવરો ના નામ અગ્નિ દેવતા ને બતાવવા પડે છે કે હું અમુક ઋષિ નો વંશ જ છુ.ગોત્ર ઋષિ ,પ્રવર ઋષિ તેઓના પ્રસિદ્ધ વંશ જ હોય છે. જેના નામ થી તે વંશની પ્રસિદ્ધિ થઈ.

એક ગોત્ર ઋષિના સાથે એક , બે , ત્રણ અથવા પાંચ પ્રવર હોય છે. જે વંશના જેટલા પણ પ્રવર હોય , યજ્ઞોપવીત માં એટલી જ ગાંઠો હોય છે. વૈદિક સૂત્રોની

સંખ્યા નિશ્ચિત હોય છે. આથી પ્રવરોની સંખ્યા પણ નિશ્ચિત હોય છે. બોધાયન સૂત્રાનુસાર ગોત્ર તો હજારો હોય છે. પરંતુ પ્રવાર ફકત૪૯જ હોય છે.જે ઋષિયો એ વેદોની ઋચાની રચના કરી હતી તે પ્રવર ઋષિઓમાં અનેક ક્ષત્રિય સમ્રાટ પણ હતા.જેવા કે માન્ધાતા , અમ્બરિસ , યુવનાશ્વ , પુરુકુત્સ , વગેરે સૂર્યવંશી સમ્રાટ હતા. તથા સુનક મત્ર , અજામિધ વગેરે ચન્દ્રવંશી સમ્રાટો હતા. પ્રવરાધ્યાયથી એવુ જાણવા મળે છે કે વૈદિક કાળમાં ઘણા બધા ક્ષત્રિયો બ્રાહ્મણ થઈ ગયા હતા અને આ રીતે ઘણા બધા બ્રાહ્મણો ક્ષત્રિય થઈ ગયા. કારણ કે એ સમયે જાતિ પ્રથા એટલી બધી કઠોર ન હતી. જેવી રીતે કણ્વ ઋષિ કે જે મહારાજા દુષ્યંત ના પુર્વજ હતા તથા ચંદ્ર વંશમાં જન્મ્યા હતા .પુરુકુત્સ સૂર્યવંશી ક્ષત્રિય હતા પરંતુ બાદમાં બ્રાહ્મણ થઈને અંગીરસ સમુદાયમાં ભળી ગયા. મુદગલ ચન્દ્રવંશી ક્ષત્રિય હતા પરંતુ તેમના વંશજો હાલમાં બ્રાહ્મણો છે. વાયુ પુરાણમાં ચન્દ્રવંશી સમ્રાટ ગર્ગ નું બ્રાહ્મણ હોવાનુ વર્ણન મળે છે. વિશ્વામિત્ર પણ વૈદિક કાળમાં ક્ષત્રિય હતા. જેમના વંશજો હાલમાં કૌશિક ગોત્રના બ્રાહ્મણો છે. કારણ કે વિશ્વામિત્રનું બીજુ નામ કૌશિક હતું.ગોત્રના સબન્ધમાં સામાન્ય ધારણા એવી છે કે તેનાથી કોઇ એક પુર્વજ થી ચાલી આવતા વેલાનું જ્ઞાન થાય છે.બોધાયન ને ગોત્ર પ્રવરો ની નીચે જણાવેલ તાલીકા ને માન્ય કરી છે.

ગોત્રના સબન્ધમાં સામાન્ય ધારણા એવી છે કે તેનાથી કોઇ એક પુર્વજ થી ચાલી આવતા વેલાનું જ્ઞાન થાય છે.

બોધાયન ને ગોત્ર પ્રવરો ની નીચે જણાવેલ તાલીકા ને માન્ય કરી છે.

| ક્રમ | ગોત્ર | પ્રવર ઋષિ |
|---|---|---|
| ૧ | અગસ્ત્ય | અગસ્ત્ય , માહેન્દ્ર , માયોભુવ |
| ૨ | અંગીરસ | અંગીરસ , બ્રાહસ્પત્ય , વશિષ્ઠ |
| ૩ | કણ્વ | અંગીરસ , અજમીઢ , કણ્વ |
| ૪ | અત્રિ | આત્રેય , આર્ચનાન , શ્યાવાશ્વ |
| ૫ | કૌણ્ડિલ્ય (કૌણિડલ્ય) | મિત્રાવરુણ |
| ૬ | કૌશિક | વિશ્વામિત્ર , દેવરાત , ઔદલ |

| | | |
|---|---|---|
| ૭ | કશ્યપ | કાશ્યપ , અવત્સાર , અસિત |
| ૮ | ગૌતમ | ગૌતમ , વશિષ્ઠ , બ્રાહ્સ્પત્ય |
| ૯ | વત્ય | જામદગ્ન્ય , અપ્તુવાન , ચવન , ભાર્ગવ , ઔર્વ |
| ૧૦ | જામદગ્ન્ય | જામદગ્ન્ય , ઔર્વ , વશિષ્ઠ |
| ૧૧ | મુદગલ | અંગીરસ , તાર્ક્ષ્ય , મૌદગલ્પ |
| ૧૨ | વશિષ્ઠ | વશિષ્ઠ , ઈન્દ્રપ્રમદ , ભરદવસુ |
| ૧૩ | ભારદ્વાજ | ભારદ્વાજ , બ્રાહ્સ્પત્ય , અંગીરસ |
| ૧૪ | વાસુકિ | અનન્ત , અક્ષોભ્ય , વાસુકિ |
| ૧૫ | વિશ્વામિત્ર | વિશ્વામિત્ર , દેવરાત , ઔદલ |
| ૧૬ | શાણ્ડિલ | કશ્યપ , અવત્સાર , શાણ્ડિલ્ય |
| ૧૭ | શુનક | શુનક , સોનહોત્ર , ગાર્ત્સમદ |
| ૧૮ | ગર્ગ | અંગીરસ , સૈન્ય , ગર્ગ |
| ૧૯ | ગૌકર્ણ | ગોકર્ણ ઋષિ |
| ૨૦ | હરિત | અંગીરસ , અમ્બરીષ , ચુવવાશ્વ: |
| ૨૧ | વિષ્ણુ વૃદધ | અંગીરસ , પુરુકુત્સ , ત્રાસદસ્ય |
| ૨૨ | કુત્સ | અંગીરસ , માન્ધાતા , કુત્સ |
| ૨૩ | પરાસર | પરાસર , શક્તિ ,વશિષ્ઠ |
| ૨૪ | પૂતિમાસ | અંગિરા , ઉશિજ , સૂવચોતથ્ય |
| ૨૫ | માણ્ડવ્ય | ભૃગુ , તણ્ડિ , મત્સ્યગન્ધ |
| ૨૬ | કપિલ | વિષ , વૃષાર્વા |
| ૨૭ | શૌનક | ધર્મવૃદધ , ગુત્સમદ , શુનક યા શૌનક |
| ૨૮ | યાજ્ઞવલ્ક્ય | પતિર્ણન , વીર્ણિન |
| ૨૯ | વ્યાસ | પેલ , વાષ્કલ , સન્યશ્રવસ |

| | | |
|---|---|---|
| ૩૦ | લોમસ | કાલશિખ , ગોરવૃષા કૈલાપ |
| ૩૧ | પુલત્સ્ય | પુલત્સ્ય , વિશ્વ , શ્રવસ , દભેલિ |
| ૩૨ | મંકિન | મંકિન , મેંકણક , કેંણ |
| ૩૩ | દુર્વાસા | દુર્વાસા , આત્રેય , દત્તાત્રેય |
| ૩૪ | નારદ | નારદ , કાણ્વ , પર્વત , નારદિત્ર |
| ૩૫ | પ્રહ્લાદ | વિરોચન |
| ૩૬ | વકવાલ્ભ્ય | ગ્લાવમૈત્ર , દાલભ્ય |

## ઉપસંહાર

આપણી વંશ પરંપરાઓ પ્રમાણે આપણા પૂર્વજોને માન આપવું , તેમની મર્યાદાનુસાર આચરણ કરવું અને તેમણે બતાવેલા માર્ગ પર ચાલવુ એ આપણો નૈતિક ધર્મ છે.


ભવાનસિંહ કે. ઠાકુર

મો. ૯૪૨૭૦૬૩૨૨૪

મુ.પો.બાંધણી

તા.પેટલાદ જી.આણંદ ૩૮૮૪૧૦

**Email :** bhavansinh.thakur@gmail.com
**:** bhavansinh.thakur@yahoo.com

**Website :** www.thakorworld.webs.com
**:** http://sites.google.com/site/kshatriyagroupofgujarat